CRMA J–930/2025

**આંક–૧ લગત હુકમ**

અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ, અરજદારના વિ.વકિલશ્રીની દલીલો સાંભળી. સદર કામે અરજદાર દ્વારા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરેલ પરંતુ ફરીયાદ દાખલ કરવામાં આશરે ૩૫ દિવસનો સમય વિલંબ થયેલ જે કાયદાના ઓછા જ્ઞાનના કારણે તેમજ આ કામના સામાવાળા રકમ પરત આપવાના વાયદા કરતા હોય જેથી ફરીયાદી ફરીયાદ સમયસર દાખલ કરી શકેલ નથી અને દિન–૩૫ નો વિલંબ થયેલ છે.

અરજદાર/ફરીયાદીની દલીલ સાંભળી તથા રેકર્ડ વંચાણે લીધુ.

સદર કામે ફરીયાદી તર્ફે રજુઆત કરેલ છે કે, કાયદાના અજ્ઞાતાના કારણે વિલંબ થયેલ છે. જે બાબતે રેકર્ડ જોતા ફરીયાદીએ તેમના વિ.વકિલશ્રી મારફતે તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ આરોપીને નોટીસ મોકલેલ છે જે જોતા ફરીયાદી સાથે તેમના વકિલશ્રી ફરીયાદ દાખલ કરવાની કાર્યાવહી સાથે હોવાનું જણાય છે. તેમજ સદર નોટીસ તા.૩૦/૦૮/૨૦૨૫ ના  રોજ આરોપીને મળી ગયા ના ૧૫ દિવસ બાદ દિન–૩૦માં ફરીયાદી દ્વારા ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી. તેમજ હાલની અરજી તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ છે.

જે બાબતે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે PAWAN KUMAR RALLI V/S MANINDER SINGH NARULA SPECIAL LEAVE PETITION (CRL) NO. 8924 OF 2013 માં ઠરાવેલ છે કે, વિલંબ માફીની અરજીમાં અરજદારે વ્યાજબી કારણ દર્શાવવુ જોઈશે. હાલ ઉપરના કેસમાં અરજદારે વિલંબ માફની અરજીમાં ક્યા કારણસર વિલંબ થયેલ છે તેવી કોઈ હકિકત દર્શાવેલ નથી.

જેથી સદર અરજીમાં ફરીયાદી તર્ફે વિલંબ માફ કરવા બાબતેનું યોગ્ય અને ન્યાયીક કારણ જણાવેલ ન હોય જે બાબતે ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) અરજદાર/ફરીયાદીની લીમીટેશન એક્ટ–૫ મુજબની ફરીયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ માફીની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલી અદાલતમાં જાહેર કર્યો.

બોટાદ

તા.૨૦/૦૪/૨૦૨૬

(મનન એસ.સોની)

ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ

બોટાદ, કોડ નં.GJ01262